# ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ પાવર કંપની લીમીટેડ

પી. ઓ. રણોલી: ૩૯૧ ૩૫૦, જિલ્લો: વડોદરા (ગુજરાત), ઇન્ડિયા



CIN-L99999GJ1985PLC007868


## સંકલિત પ્રબંધન પ્રણાલી (આઈએમએસ) નીતિ

ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ પાવર કંપની લીમીટેડ - એ વીજ ઉત્પાદક કંપની છે જે થર્મલ અને પુનઃપ્રાપ્ય વીજ સ્રોત જેવા કે પવન અને સૂર્ય ઉર્જા આધારિત વીજ મથકો જેવા વિવિધતાસભર માધ્યમો દ્વારા વીજ ઉર્જાનું ઉત્પાદન કરવાની સાથે વ્યવહારિક સંચાલન અને નિભાવના (ઓ એન્ડ એમ) ક્ષેત્રમાં સલાહકારિતા (કન્સલ્ટન્સી) અને ઇજનેરી સેવાઓ આપે છે. આ કંપનીએ નીચે જણાવેલ પાયાના સિદ્ધાંતોને અનુસરીને સંકલિત પ્રબંધન પ્રણાલી નીતિ (આઈએમએસ) નો તેના ૫૦૦ મેગાવોટ (૪x૧૨૫ મેગાવોટ) સુરત લિગ્નાઇટ પાવર પ્લાન્ટ ખાતે અમલ કર્યો છે:

**પ્રબંધના ધ્યેયો:**
ઉર્જાના ક્ષેત્રમાં અદ્યતન પ્રૌદ્યોગિકીઓ (ટેકનોલોજી) નો ઉપયોગ કરીને વિવિધતાસભર પરંપરાગત અને પુનઃપ્રાપ્ય ઉર્જાના ઉત્પાદન દ્વારા પ્રભુત્વ સ્થાપિત કરવું. વિશ્વસનીય અને કરકસરભરી કિંમતે વીજળી પુરી પાડીને સંપૂર્ણ ગ્રાહક સંતોષ ની ખાતરી મેળવવી.

**જોખમ પ્રબંધન:**
ઉદ્‌ભવતા પડકારોનો સામનો કરવા માટે સર્વગ્રાહી જોખમ પ્રબંધન માળખું (સંરચના) વિકસાવવું.

**સાતત્યપૂર્ણ સુધારણા:**
પ્રવૃતિઓના તમામ ક્ષેત્રોમાં સતત અભિનવીકરણ, સુધારણા અને ઉદ્યોગોમાં પ્રવર્તમાન શ્રેષ્ઠતમ માપદંડો અપનાવવા તથા ઉદ્યોગો માટે નવા માપદંડોનું સર્જન કરવું.

**ઉર્જા સંરક્ષણ અને પુનઃપ્રાપ્ય ઉર્જા પરત્વે અભિનવ અભિગમ:**
સશક્ત ટેક્નોલોજીના વિનિયોગ દ્વારા સક્રિયપણે પુનઃપ્રાપ્ય ઉર્જાને પ્રોત્સાહન આપવું અને તેમાં સ્થાનિક સમુદાયની સહભાગીદારી સુનિશ્ચિત કરવી. ઉર્જા માટે ઉર્જા સંરક્ષક કરકસરભર પદ્ધતિઓ અપનાવવી અને ઉત્તેજન આપવું. ઉર્જા કાર્યક્ષમ ડિઝાઇન કરેલી તકનીકો અને પ્રક્રિયાઓ અપનાવવી અને ઊર્જા કાર્યક્ષમ સાધનોની ખરીદીને પ્રોત્સાહન આપવું.

**પર્યાવરણ સંરક્ષણ માટે પ્રતિબદ્ધતા:**
તમામ પ્રવૃતિઓમાં પર્યાવરણીય નિયમોનું સંપૂર્ણ અનુપાલન કરવું અને અપવ્યય ઘટાડવો.

**વ્યવસાયિક આરોગ્ય અને સુરક્ષા:**
અકસ્માતમુક્ત વાતાવરણનું સર્જન અને એકમ (પ્લાન્ટ) સંચાલનના તમામ ક્ષેત્રોમાં સુરક્ષાને ટોચ અગ્રતા આપવી. વ્યવસાયિક આરોગ્ય અને સલામતીના સંકટોને દૂર કરવા અને વ્યવસ્થિત રીતે આરોગ્ય અને સલામતીના જોખમો ઘટાડવા.

**કર્મચારી સહયોગ અને કૌશલ્ય વિકાસ:**
કર્મચારીઓના સહયોગ અને પરામર્શ દ્વારા કાર્યસ્થળ પર આરોગ્ય, સલામતી અને કામગીરી વધારવી. ભૂમિકાઓ અને જવાબદારીઓ સુસ્પષ્ટ રીતે નિર્ધારિત કરીને તમામ સ્તરે અભિનવતા ને ઉત્તેજન આપવું. કારકિર્દી વિકાસ અને કૌશલ્ય સંવર્ધનની તકો આપવી.

**કાયદાનું પાલન:**
ઉત્પાદન, પ્રક્રિયા, પર્યાવરણ, વ્યવસાયિક આરોગ્ય, સુરક્ષા અને ઉર્જા પ્રબંધન પ્રણાલી ઇત્યાદિ સંબંધમાં તમામ લાગુ પડતી કાયદાકીય અને વૈધાનિક આવશ્યકતાઓ, કાયદાઓ, સંજ્ઞા અને માપદંડોના સંપૂર્ણ અને ચુસ્ત અનુપાલનની ખાતરી મેળવવી.

AN ISO 9001, 14001,45001 50001 company

૨૪ મે ૨૦૨૩
વડોદરા (ગુજરાત)

Vasudeva

વત્સલા વાસુદેવા
પ્રબંધ નિર્દેશક